અપીલ અરજી નં.૨૮૦ તા .૨૦–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ બ્રહમભટ્ટ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ બ્રહમભટ્ટની તા. ૨૦–૮–૧૧ની અરજીથી આપની કચેરી ધ્વારા ગેરકાયદેસર બાંધકામો દુર કરવા અગાઉ ૨૨ જેટલી નોટીસો/કારણદર્શક નોટીસો આપવામાં આવેલ છ, જેની વિગતો આ મુજબ છે ,નોટીસો(૧) નં.૧૫૩૨ તા. ૧–૭–૧૦, (૨)૧૮૮૮ તા. ૧૯–૭–૧૦, (૩) ૪૭૧૩ તા. ૧૮–૧–૧૧, (૪) ૫૧૭૭ તા. ૧૧–૨–૧૧, (૫) ૫૧૭૮ તા. ૧૧–૨–૧૧ ,(૬) ૫૧૮૦ તા.૧૧ –૨–૧૧, (૭) ૭૩૫ તા. ૨૦–૫–૧૦, (૮) ૧૦૮૨ તા.૧૫–૬–૧૦, (૯)૧૮૮૫ તા.૧૭–૭–૧૦,(૧૦) ૨૦૧૮ તા.૨૬–૭–૧૦, વિ.(૧) થી (૨૨) નોટીસો પાઠવ્યા બાદ જે જે બાંધકામો આપના ધ્વારા દુર કરવામાં આવ્યા હોય તેની માહિતી , તેમાં બાંધકામધારકે શ્વેચ્છાએ દુર કર્યા હોય તેની માહિતી, આપ ધ્વારા દુર કરવામાં આવેલ બાંધકામો તથા વસુલ કરેલ ચાર્જની માહિતી , જે જે બાંધકામો દુર થયેલ નથી કે આપના ધ્વારા દુર કરવામાં આવેલ નથી તેમજ આ નોટીસો આપ્યા બાદ આજ દિન સુધી કોઈ કાર્યવાહી થયેલ નથી, જે બાબતે જેની જવાબદારી ટકાવારીમાં જેમ કે, ઝોનલચીફ, કાર્યપાલક ઈજનેર, ડે.ઈજનેર, આસી.ઈજનેર, જુની.ઈજનેર વગેરેની જેટલી જવાબદારી થતી હોય તેટલી ટકાવારી અને નામ, હોદ્દા સહિતની સંપૂર્ણ માહિતી , આ બાંધકામોમાં કોઈપણ રાજકીયનેતા, મંત્રી, સાંસદ, ધારાસભ્ય,કોર્પોરેટર તેમજ આપના વિભાગના કોઈપણ અધિકારીઓ ધ્વારા કોઈ બાંધકામો દુર નહિ કરવા બાબતે હોદ્દાની વગથી દબાણ કરવામાં આવ્યું હોય અને આજસુધી અડીખમ હોય તેવા દબાણો સહિતની વિગતવાર માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૦–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૮૦/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ બ્રહમભટ્ટની તા. ૨૦–૮–૧૧ની અરજીથી આપની કચેરી ધ્વારા ગેરકાયદેસર બાંધકામો દુર કરવા અગાઉ ૨૨ જેટલી નોટીસો/કારણદર્શક નોટીસો આપવામાં આવેલ છ, જેની વિગતો આ મુજબ છે ,નોટીસો(૧) નં.૧૫૩૨ તા. ૧–૭–૧૦, (૨)૧૮૮૮ તા. ૧૯–૭–૧૦, (૩) ૪૭૧૩ તા. ૧૮–૧–૧૧, (૪) ૫૧૭૭ તા. ૧૧–૨–૧૧ , (૫) ૫૧૭૮ તા. ૧૧–૨–૧૧ ,(૬) ૫૧૮૦ તા.૧૧–૨–૧૧, (૭) ૭૩૫ તા. ૨૦–૫–૧૦, (૮) ૧૦૮૨ તા.૧૫–૬–૧૦, (૯)૧૮૮૫ તા. ૧૭–૭–૧૦,(૧૦) ૨૦૧૮ તા.૨૬–૭–૧૦, વિ.(૧) થી (૨૨) નોટીસો પાઠવ્યા બાદ જે જે બાંધકામો આપના ધ્વારા દુર કરવામાં આવ્યા હોય તેની માહિતી , તેમાં બાંધકામધારકે શ્વેચ્છાએ દુર કર્યા હોય તેની માહિતી, આપ ધ્વારા દુર કરવામાં આવેલ બાંધકામો તથા વસુલ કરેલ ચાર્જની માહિતી , જે જે બાંધકામો દુર થયેલ નથી કે આપના ધ્વારા દુર કરવામાં આવેલ નથી તેમજ આ નોટીસો આપ્યા બાદ આજ દિન સુધી કોઈ કાર્યવાહી થયેલ નથી, જે બાબતે જેની જવાબદારી ટકાવારીમાં જેમ કે, ઝોનલચીફ, કાર્યપાલક ઈજનેર, ડે.ઈજનેર, આસી.ઈજનેર, જુની.ઈજનેર વગેરેની જેટલી જવાબદારી થતી હોય તેટલી ટકાવારી અને નામ, હોદ્દા સહિતની સંપૂર્ણ માહિતી , આ બાંધકામોમાં કોઈપણ રાજકીયનેતા, મંત્રી, સાંસદ, ધારાસભ્ય,કોર્પોરેટર તેમજ આપના વિભાગના કોઈપણ અધિકારીઓ ધ્વારા કોઈ બાંધકામો દુર નહિ કરવા બાબતે હોદ્દાની વગથી દબાણ કરવામાં આવ્યું હોય અને આજસુધી અડીખમ હોય તેવા દબાણો સહિતની વિગતવાર માહિતી આપવા બાબતે કોઈપણ નિર્ણય કે માહિતી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૦– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માંગેલ માહિતી અંગે દફતરી હકીકત , થયેલ–નહીં થયેલ કાર્યવાહીની વિગતો તથા જવાબદારોની વિગત મોકલવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૮૫૪ તા.૩૦–૯–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૦–૮–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે આપવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૮૪૯ તા.૨૩–૮–૧૧ થી કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને નિયત સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ. જે અંગે નિયત સમય અવધિમાં કોઈ નિર્ણય કે માહિતી ન આપવાના કારણે અરજદારે આરટીઆઈ એકટ હેઠળ તા.૨૦–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરી વિના મૂલ્યે માહિતીની માંગણી કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી કે નિર્ણય જણાવવામાં આવેલ નથી તેમજ આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ પણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ ન હોય દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ